# જિલ્લામાં આજથી બે દિવસીય શાળા પ્રવેશોત્સવ

**૭૪ રૂટ; ધો. ૧માં ૧૨૦૬૫ બાળકો તો ધો. ૯માં ૩૨૩૭૪ બાળકો પ્રવેશ મેળવશે : ૮ રાજ્ય કક્ષાના, ૫૭ જિલ્લા કક્ષાના અધિકારીઓ અને બે પદાધિકારીઓ જોડાશે**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં આજથી બે દિવસીય શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે. આ માટે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા ૭૪ રૂટ તૈયાર કરવામાં આવ્યા છે.

જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા જે રૂટ તૈયાર કરવામાં આવ્યા છે તેમાં દહેગામના ૨૮, ગાંધીનગર તાલુકાના ૧૯, કલોલના ૧૫ અને માણસાના ૧૨ રૂટનો સમાવેશ થાય છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની પ્રા. શાળા અને મા. શાળાઓમાં યોજાનાર આ પ્રવેશોત્સવની તૈયારીઓ તંત્ર દ્વારા પૂર્ણ કરી દેવામાં આવી છે. આ પ્રવેશોત્સવમાં રાજ્યકક્ષાના ૮ અધિકારીઓ, ૨ પદાધિકારી અને ૫૭ જિલ્લાકક્ષાના અધિકારીઓ જોડાશે.

ગ્રામ્ય વિસ્તારની ૮૨૧ શાળાઓમાં આ પ્રવેશોત્સવ યોજાશે. જેમાં ૫૯૨ પ્રા. શાળા, ૧૯૬ મા. શાળાઓનો સમાવેશ થશે. ધો. ૧માં પ્રવેશપાત્ર બાળકોની સંખ્યા ૧૨૦૬૫ છે. જેમાં ૫૮૨૬ કન્યા અને ૬૨૩૯ કુમારનો સમાવેશ થાય છે.

રાજ્યના શિક્ષણ વિભાગના અગ્ર સચિવ સુશ્રી સુનયના તોમર કલોલ તાલુકાના સઈજ ગામે પ્રવેશોત્સવમાં ભાગ લેશે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ધો. ૯માં ૩૨૩૭૪ બાળકો પ્રવેશપાત્ર છે. જેમાં ૧૩૭૯૫ કન્યા અને ૧૮૫૭૯ કુમારનો સમાવેશ થાય છે. સૌથી વધુ બાળકો ધો. ૯માં પ્રવેશપાત્ર છે તેમાં ગાંધીનગરના ૧૬,૧૩૮, કલોલના ૭૧૯૯, દહેગામમાં ૫૨૬૪ અને માણસામાં ૩૭૭૩ બાળકોનો સમાવેશ થાય છે.

શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે કમિશ્નર ઓફ સ્કુલ્સ જે.ડી. દેસાઈ કલોલ તાલુકાના ધાનોટ, બિલેશ્વરપુરા અને ગોગાપુરા ખાતે પ્રથમ દિવસે પ્રવેશોત્સવમાં હાજરી આપશે જ્યારે બીજા દિવસે તેઓ આનંદપુરા, બહુચરપુરા અને ગણપતપુરા ખાતેના પ્રવેશોત્સવમાં હાજરી આપશે.





"કેમ માથે હાથ ટેકવ્યો છે..?"

"અરે... સાહેબ, કાલે તમે એટલી ભારેખમ વાતો કરી કે મારૂ તો માથુ દુઃખી ગયુ, હજુ ઉતરતુ જ નથી, હવે કંઈ મજાની વાત કરો."

"...હં... તમને શામાં મજા પડે છે એ હવે ખબર પડી ગઈ છે. રાજકારણના ગપ્પા, ટીકાઓ અને પંચાત... એમ જ ને..!"

"જે માનવુ હોય એ માનો સાહેબ. ગાંધીનગરમાં રહીએ એટલે રાજકીય પંચાત તો ગમે જ ને... આજે શુ નવાજૂની છે સચિવાલયમાં..?"

"જો ભાઈ, નવાજૂની કાંઈ નથી પણ અફવા બજાર ગરમાગરમ છે. ટેબલે ટેબલે ચર્ચાઓ ચાલે છે. બસ આ છેલ્લી કેબીનેટ..."

"હેં... એટલે...? એટલે હવે કેબીનેટ જ નહી મળે..?"

"અરે ભાઈ, સમજો તો ખરાં, કેબીનેટ તો મળશે પણ આ સરકારની નહી. નવી સરકાર રચાશે એવી જોરશોરથી અફવા ચાલી રહી છે."

"પણ... હેં સાહેબ, આ અફવાઓ ફેલાવે કોણ ? અફવાઓમાં દમ હોય કે એમ જ પડીકે પડીકા..?"

"સમજવાની કોશીશ કરો, અફવા એટલે અફવા. ઘણીવાર વાતનુ વતેસર થતુ હોય, ઘણીવાર કાગનુ બેસવુ અને ડાળનુ પડવુ એવુ થતુ હોય, ઘણીવાર રસ ધરાવતી વ્યક્તિઓ અફવાઓ ફેલાવતી હોય છે, તો ઘણીવાર પ્રત્યાઘાતોનો અભ્યાસ કરવા માટે પણ જાણી જોઈને અફવાઓ તરતી મુકાય છે."

"અ...હં... એટલે એનો અર્થ એ થયો કે લાગ્યુ તો તીર નહી તો તુક્કો એમ જ ને...? પણ એ તો કહો નવા મુખ્યમંત્રી કોણ આવશે એની કોઈ અફવા છે..?"

"હા... એ તો હોય જ ને. સ્વાભાવિક છે જવાની અફવા હોય એમ આવવાની પણ હોય. અત્યારે તો રૂપાલા સાહેબનું નામ જોરશોરથી ચાલે છે. બાકી તો મનસુખભાઈ અને ભૂપેન્દ્રસિંહ તો છે જ ચર્ચામાં."

"... પણ તમને કહુ, સાહેબ તો કોથળામાંથી બિલાડુ જ કાઢશે. જેનુ નામ ચર્ચામાં હોય એ તો નહી જ, પણ નવુ નામ આપવામાં સાહેબની માસ્ટરી છે, માસ્ટરી..."

"હા... જોઈએ હવે. કોનુ નસીબ જોર કરશે એ તો ભાવિના ભુગર્ભમાં છે. અત્યારે તો આપણે હવામાં ફુગ્ગા જ ઉડાડવાનાને..."

"જોયુ ને, આજે કેવો રસ પડી ગયો તમને. જાણે રસગુલ્લા મળ્યાં હોય... અને મજા મજા પડી ગઈ હોય એવા વાતોના તડાકા મારો છો..!"

"હા... સાચી વાત છે. આ રાજકારણ જ એવુ ક્ષેત્ર છે એમાં ઉતાર-ચઢાવની જ મજા છે. ક્યારેક મહેલમાં તો ક્યારેક જેલમાં, ક્યારેક સત્તા તો ક્યારેક સુત્રોચ્ચાર. એટલે જ રસ પડે છે. એમાં માત્ર તુક્કા જ લડાવવાનાને..."

"હં..., એ જ તકવાદી નીતિ છે ને. વાત સાચી નીકળે તો એમ કહેવાનુ કે હુ પહેલાથી જ માનતો હતો અને ખોટી નીકળે તો કહેવાનુ કે આ અફવા હતી."

"બરાબર સટ્ટા બજાર જેવુ જ ને. એમાંય ઉતાર-ચઢાવ અને રાજકારણમાંય ઉતાર-ચઢાવ એમાંય મળે તો મહેલ મળે અને જાય તો જીવન રફેદફે. જુગાર, વરલીમટકો, સટ્ટાબજાર બધા નામ જુદા પણ કામ તો એક જ ને."

"હા... સાહેબ...હા. જીવનનુ પણ એવુ જ છે ને. ક્યારેક ચઢતી, ક્યારેક પડતી. છતાં સ્થિર ભાવે જીવન જીવાય એ જ જીવનનો મર્મ છે ને."

"હા... સાહેબ...હા."

# 'ઘ' અને 'ચ' માર્ગને હોર્ડિંગ મુક્ત કરાયા

**હૉર્ડિંગ અને બેનર્સથી ખદબદતા ઘ અને ચ માર્ગને નીટ એન્ડ ક્લિન કરી દેવાયા : શહેરની શોભા બગાડતા ખાનગી જાહેરાતોના પાટીયાઓ પર તવાઈ : બે દિવસમાં બંને મુખ્ય માર્ગો પરથી ૩૩૯ હૉર્ડિંગ-બેનર દૂર કરાયા : દંડ વસૂલાત કરાશે**





ગાંધીનગર, તા.૧૩

રાજયના પાટનગર ગાંધીનગર શહેરની શોભા વધારવા માટે માત્ર બ્યુટીફીકેશન પાછળ કરોડો રૂપિયા ખર્ચાય છે. પરંતુ મુખ્ય માર્ગો ઉપર જ ખાનગી વ્યવસાયિક જાહેરાતોના તોતિંગ હૉર્ડિંગ અને બેનર્સ ઉભા કરી દેવાની પ્રવૃત્તિઓને પગલે આ કરોડો રૂપિયાના બ્યુટીફિકેશનનો ખર્ચ માથે પડી રહ્યો છે. શહેરના મુખ્યમાર્ગો પર જ્યાં જુઓ ત્યાં દેખાઈ રહેલા હૉર્ડિંગ્સ અને બેનર શહેરની શોભા બગાડી રહ્યા છે તેમાં કોઈ બે મત નથી.

આ પ્રવૃત્તિઓ આચરવામાં સરકારના વિભાગો પણ બાકાત રહ્યા નથી. તમામ સરકારી કાર્યક્રમોના હૉર્ડિંગ્સને બેનર્સ પણ આજ રીતે મુખ્ય માર્ગો ઉપર આડેધડ ઊભા કરી દેવામાં આવે છે.

જો કે હવે મહાનગરપાલિકાના દબાણ તંત્રએ આ મામલે ફરીથી લાલ આંખ કરી છે અને બે દિવસમાં શહેરના બે મુખ્ય માર્ગો ઘ અને ચ રોડ પરથી તમામ ખાનગી બેનર્સ અને હૉર્ડિંગ્સ હટાવી દઈને બંને રોડ નીટ એન્ડ ક્લિન કરી દીધા છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના કમિશનરની સૂચનાથી મનપા હસ્તકની દબાણ શાખા દ્વારા એક તરફ દબાણમાં ઊભા કરી દેવાયેલા લારી-ગલ્લા અને ઝુંપડાઓ હટાવવાની ઝુંબેશ શરૂ કરી દેવાઈ છે તો બીજી તરફ શહેરને માર્ગો અને સર્કલ વચ્ચે લગાડી દેવાયેલા ખાનગી જાહેરાતોના ફ્લેક્સ બેનર તથા હૉર્ડિંગ્સ હટાવવાની ઝુંબેશ પણ શરૂ કરવામાં આવી છે.

દબાણ અધિકારી મહેશ મોડની ટીમ દ્વારા બે દિવસમાં શહેરના મુખ્ય માર્ગ ગણાતા ઘ અને ચ માર્ગ ઉપરથી તમામ હૉર્ડિંગ્સ અને બેનર્સ હટાવી દેવાયા છે. આ ટીમે બે દિવસમાં ૩૩૯ હૉર્ડિંગ્સને બેનર્સ ઘ અને ચ માર્ગ પરથી દૂર કર્યા છે. ચ રોડ ઉપરથી ૧૩૫ અનેક ઘ રોડ ઉપરથી ૨૦૪ ખાનગી જાહેરાતોના હૉર્ડિંગ્સ અને બેનર્સ ઉતારી લઈ કડક કાર્યવાહી હાથ ધરી છે. શહેરના મુખ્ય માર્ગો અને સર્કલ ઉપર ખાનગી જાહેરાતો લગાડનાર ઉપરોક્ત તમામ વેપારીઓને દંડ ફટકારી કડક પગલા લેવામાં આવશે.

# ગાંધીનગર તા.પં.માં કોંગ્રેસની મડાગાંઠ યથાવત રહેતા નેતાઓની દોડધામ વધી

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર તાલુકા પંચાયતમાં ઉપપ્રમુખ અને સમિતિઓની રચનાને મુદ્દે કોંગ્રેસ પક્ષમાં મડાગાંઠ યથાવત રહેતાં જિલ્લાના નેતાઓએ મૌન ધારણ કરી લીધુ છે.

ઉપપ્રમુખ પદ માટે કાલે ઉમેદવારી પત્ર રજુ કરવાનું થશે. જો કે પક્ષ દ્વારા સભ્યોની આજે સાંજે પણ બેઠક જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે બોલાવવામાં આવી હતી. હજુ પણ કાલે સવારે પુનઃ બેઠક બોલાવી છે અને તેમાં ચિત્ર સ્પષ્ટ થશે તેમ મનાઈ રહ્યું છે.

મળતી વિગતો મુજબ બળવો કરી ગેરહાજર રહેલા સભ્યો કારોબારી સમિતિ મળે તો જ પક્ષમાં પાછા ફરવાનુ વિચારી શકે છે તેવો સ્પષ્ટ સંકેત આપતાં આજે આખો દિવસ બેઠકોનો દોર સતત ચાલ્યો હતો.

જિલ્લા પંચાયત પ્રમુખશ્રીના નિવાસસ્થાને આ બેઠકોનો દોર ચાલ્યો હતો. જેમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ, જિલ્લા પંચાયત પ્રમુખ તેમજ ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

જો કે નિરીક્ષકોએ તેમનો અહેવાલ પ્રદેશ સમિતિને આપી દીધો હોવાનું પક્ષના અંતરંગ સૂત્રોએ સ્વીકાર્યુ છે. જો કે અહેવાલમાં શું છે તે વિશે જિલ્લાના નેતાઓ અજાણ છે અને મડાગાંઠ યથાવત હોવાનું આડકતરી રીતે સ્વીકારી રહ્યાં છે.

ગાંધીનગર તા.પં.ની ચૂંટણીની દૂરોગામી અસરો પડવાની સંભાવનાઓને લક્ષમાં રાખી નેતાઓએ હવે એડીચોટીનું જોર લગાવ્યું છે.

# તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના અધ્યાશી અધિકારીઓ સાથે તંત્રની બેઠક

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લા પંચાયત તેમજ ત્રણ તાલુકા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખની ચૂંટણીને લઈ તંત્ર દ્વારા આજે નિયુક્ત થયેલા અધ્યાશી અધિકારીઓ સાથે એક મહત્વની બેઠક યોજી હતી.

પ્રાપ્ત થતી વિગતો મુજબ તંત્ર દ્વારા પંચાયતોની સભ્ય સંખ્યા, વિવાદી કેસો અને મતદાનની પ્રક્રિયા અંગેની વિશેષ સૂચનાઓ ઉપરાંત સમગ્ર બેઠકની વિડીયોગ્રાફી કરવા માટેની સૂચનાઓ આપી છે.

જિલ્લામાં એક સાથે ત્રણ તા.પં.ના પ્રમુખ, ઉપપ્રમુખની ચૂંટણી યોજાઈ રહી હોવાથી બે પ્રાંત અધિકારી ઉપરાંત જમીન સુધારણાના નાયબ કલેક્ટરને અધ્યાશી અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

જિલ્લા પંચાયત માટે જિલ્લા કલેક્ટરશ્રી જ અધ્યાશી અધિકારી તરીકે ઉપસ્થિત રહેનાર છે.

કલોલ તા.વિ.અ.ની જગ્યા ખાલી હોવાથી ત્યાં મદદનીશ તા.વિ.અ. વિસ્તરણને સભ્ય સચિવ તરીકે નિયુક્ત કરવાના હુકમો કરાયા છે.

દહેગામમાં બે સભ્યોના મત સિલ કવરમાં લેવા માટેની પણ સૂચના આપવામાં આવી છે.

# આવતીકાલથી આરોગ્યતંત્ર દ્વારા કંટ્રોલરૂમ ૨૪X૭ શરૂ થશે

ગાંધીનગર, તા. ૧૩

૧૫મી જુનથી જિલ્લાકક્ષાએ આરોગ્યતંત્ર દ્વારા ૨૪૮૭ કંટ્રોલરૂમ શરૂ કરવા અંગેની સૂચનાઓ અધિક નિયામકશ્રી પરેશ દવે દ્વારા જારી કરવામાં આવી છે.

આ સૂચનાઓમાં સ્પષ્ટ રીતે જણાવાયા મુજબ જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી નોડલ ઓફિસર રહેશે જ્યારે અન્ય એક અધિકારીને આસિ. નોડલ ઓફિસર તરીકે નિમણુંક આપવાની રહેશે.

કંટ્રોલરૂમ કાર્યરત થયાની વિગતો ટેલિફોન નંબર સાથે રાજ્ય આરોગ્ય કમિશ્નરશ્રીની કચેરીને મોકલી આપવાની રહેશે. એટલુ જ નહિ કંટ્રોલરૂમ પર સ્પષ્ટ રીતે જોઈ શકાય અને વાંચી શકાય તેવુ બોર્ડ પણ લગાવવાનું રહેશે.

કંટ્રોલરૂમમાં આરોગ્યના જાણકાર કર્મચારીઓને ફરજ પરની ડ્યુટી આપવાની રહેશે. આ ઉપરાંત ચોમાસાની ઋતુ દરમ્યાન પૂર્વ મંજૂરી વગર કોઈપણ કર્મચારી કે અધિકારી રજા ઉપર જઈ શકશે નહિ.

નિચાણવાળા વિસ્તારોની અલગ યાદી તૈયાર કરી કંટ્રોલરૂમમાં ઉપલબ્ધ કરાવવાની રહેશે. જિલ્લાકક્ષાએ ડ્રાયવર, દવાઓ, કર્મચારીઓ અને વાહન સાથેની ઓછામાં ઓછી પાંચ ટીમ તૈયાર રાખવાની રહેશે.

આ સૂચનાઓમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યુ છે કે રજાના દિવસોમાં તમામ કર્મચારી-અધિકારીઓએ તેમના મોબાઈલ ફોન ચાલુ રાખવા જણાવવામાં આવે છે. તેમજ જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી સિવાય કોઈપણ કર્મચારી અધિકારીએ મિડિયા બ્રિફીંગ કરવુ નહિ.

# મોબાઈલ પોકેટ કોપ એપને મળેલો ફિક્કી સ્માર્ટ એવોર્ડ

**ઇ-ગુજકોપ પ્રોજેક્ટ અંતર્ગત એપ્લિકેશન કાર્યરત દેશમાંથી આવેલા ૨૦૦ નોમિનેશનમાંથી પસંદગી કરાઇ**

ગાંધીનગર, તા.૧૩

રાજ્ય સરકાર દ્વારા ટેકનોલોજી તથા મોબાઈલ ગવર્નન્સની પહલે કરી ગુજરાતે ડિજિટલ ક્ષેત્રે અનેક નવા આયામો અમલી બનાવાયા છે. ગુજરાત પોલીસને ટેકનો સેવી બનાવીને ગુન્હા સંશોધન માટે ઝડપ આવે તે આશયથી રાજ્યના ગૃહ વિભાગ દ્વારા ઈ-ગુજકોપ પ્રોજેક્ટ અંતર્ગત મોબાઈલ પૉકેટ કૉમ એપ્લિકેશન કાર્યરત કરાઈ છે.

રાજ્ય સરકારનો આ નવતર અભિગમ રાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત થયો અને તેને ફિક્કી સ્માર્ટ પોલીસીંગ એવોર્ડ-૨૦૧૮ એનાયત થયો છે. પોલીસ દ્વારા ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ થકી કરાયેલ શ્રેષ્ઠ કામગીરીને બિરદાવી મળેલ એવોર્ડ અંગે અભિનંદન આપતા ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ કહ્યું કે, મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વવાળી સરકારે સંવેદનશીલતા, પ્રગતિશીલતા, પારદર્શિતા અને નિર્ણાયકતાના સિદ્ધાંતો થકી દેશનો નવો રાહ ચિન્ધયો છે ત્યારે ડિજિટલ ભારતના નિર્માણમાં પણ ગુજરાત દેશનો નવો રાહ ચિન્ધશે.



તેમણે કહ્યું કે, મુખ્યમંત્રીની દ્રઢ રાજકીય ઈચ્છાશક્તિ અને દીર્ઘદ્રષ્ટિના પરિણામે આ સફળતા પ્રાપ્ત થઈ છે. મંત્રીએ ઉમેર્યુ કે, મોબાઈલ પૉકેપ એપ્લિકેશનના એવોર્ડ માટે દેશભરમાંથી ૨૦૦ જેટલા નોમિનેશન આવ્યા હતા. જે પૈકી ગુજરાતની પસંદગી કરાઈ છે. જે સૌ ગુજરાતીઓ માટે આનંદની વાત છે. આ એવોર્ડ નવી દિલ્હી ખાતે યોજાયેલ કોન્ફરન્સમાં સ્ટેટેટિક્સ અને પ્રોગ્રામ ઈમ્પીમેન્ટેશન વિભાગના કેન્દ્રીય રાજ્યમંત્રી વિજય ગોયલના હસ્તે એનાયત થયો હતો.

Gujarat Council on Science & Technology (GUJCOST)
Department of Science and Technology, Govt. of Gujarat
Block-B, 7th Floor, M. S. Building, Sector-11, Gandhinagar, Gujarat 382011
Email: info-gujcost@gujarat.gov.in, Website: www.gujcost.gujarat.gov.in
Phone: 079-23259362, Fax: 079-23259363

**FINANCIAL ASSISTANCE FOR ORGANIZATION OF SEMINAR / SYMPOSIUM / WORKSHOP IN SCIENCE, TECHNOLOGY & INNOVATION**

Gujarat Council on Science and Technology (GUJCOST), working under the aegis of the Department of Science & Technology, Government of Gujarat, is the nodal organization for promotion of science education and awareness, research and development through its various programmes and activities across the state.

GUJCOST is inviting proposals from the Scientific Institutions / Colleges of Science, Engineering, Pharmacy / University Departments in every districts of the State for providing financial assistance for conducting Seminar / Symposium/ Workshop / Training Programme / Conference on frontier areas of Science, Technology and Innovation. The guidelines and application format are available on GUJCOST website.

The organizations are requested to submit the filled-in application in prescribed format with necessary documents to GUJCOST at least two months before the scheduled date of the programme for consideration and financial support.

Date : 14-06-2018

Advisor & Member Secretary
GUJCOST

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com